પિતૃત્વ રજા અંગે જરૂરી સ્પષ્ટતાઓ
કરવા બાબત

**ગુજરાત સરકાર**
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ રજઅ/૧૦૨૦૧૩/ઓ-૧૦/પી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૭/૨૦૧૮

**વંચાણે લીધાઃ**

(૧) ગુજરાત મુલ્કી સેવા (રજા )નિયમો, ૨૦૦૨ નો નિયમ-૭૦

**પરિપત્રઃ**

ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૭૦માં રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓની પિતૃત્વ રજા મંજૂર કરવા બાબતે જરૂરી જોગવાઇ નિયત કરવામાં આવેલ છે. પરંતુ આ નિયમોમાં પિતૃત્વ રજા ક્યારથી મળવાપાત્ર થાય તેમજ કયા સમયગાળા દરમિયાન ભોગવી શકાય તેની સ્પષ્ટતા ન હોવાથી સચિવાલયના વહિવટી વિભાગો દ્વારા આ બાબતે અવારનવાર નાણાં વિભાગને પૃચ્છા કરવામાં આવે છે. આ બાબતે જરૂરી સૂચના પ્રસિધ્ધ કરવાની બાબત વિચારણા હેઠળ હતી. કાળજીપુર્વકની વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) પિતૃત્વ રજાનો લાભ પુરુષ કર્મચારી/અધિકારીને પત્નીની પ્રસૂતિથી ૬ માસ સુધીના સમયગાળામાં મળવાપાત્ર થશે. વિશેષ સંજોગોમાં તબીબી પ્રમાણપત્રના આધારે પ્રસૂતિના ૧૫ દિવસ અગાઉ પણ પિતૃત્વ રજાનો લાભ મળવાપાત્ર થશે. આમ, આ રજાનો લાભ પ્રસૂતિના ૧૫ દિવસ અગાઉથી શરૂ થઇને પ્રસૂતિના ૬ માસ સુધીની સમયમર્યાદામાં મળવાપાત્ર થશે.

(૨) પિતૃત્વ રજાનો લાભ કર્મચારી/અધિકારીને નિમણૂંકની તારીખથી મળવાપાત્ર થશે.

પિતૃત્વ રજાને સંબંધિત અન્ય જોગવાઇઓ ઉપર વંચાણે લીધેલ (૧) મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ(પેન્શન)
નાણાં વિભાગ

પ્રતિ,
નકલ રવાના:-

- માન. રાજ્યપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,

- માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- રજીસ્ટારશ્રી, લોકાયુકત કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
- નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
- તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
- પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
- સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
- નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
- સિલેકટ ફાઇલ પી શાખા
- પત્ર દ્વારા